





યાત્રા છે 'પ્રચાર'નો જ એક ભાગ, સૌ સંમત છે,
હિંદુત્વ ભોગે 'મત' મેળવી લેવાની મમત છે,
ગમ્મત છે નેતાઓની, શ્રદ્ધાળુ સાધુઓના ભોગે -
જાતિ-ધર્મ નામે રાજકારણીઓની રમત છે..




સ્વાર્થી નેતાઓ,
છે રાજરમતમાં -
સીમાઓ રેઢી..

તણાઇ ગયું!
પુર વ્યવસ્થાપન -
નદી-પૂરમાં..

## ચિંતન

**નમસ્યામો દેવાન્નનુ હતવિધેસ્તે અપિ વશગાઃ । વિધિર્વવન્ધઃ સો અપિ પ્રતિનિયમત કર્મૈકફલદઃ ।**
**ફલં કર્માયત્તં યદિ કિમમરૈઃ કિં ચ વિધિના નમસ્તકર્મોભ્યો વિધિરપિ ન યેભ્યઃ પ્રભવતિ ॥**

**ભતૃહરિના નીતિશતકનો આ શ્લોકમાં કવિ ભાગ્ય અને કર્મનો સંબંધ યુક્તિપૂર્વક જોડે છે :**

**'દેવોને અમે નમસ્કાર કરીએ છીએ, ખરેખર તો તેઓ પણ નીચ-નિકૃષ્ટ દૈવને જ આધીન છે અર્થા દેવો પણ ભાગ્ય-કર્મ દેવતાને જ આધીન છે તો દેવોને બદલે દૈવ-ભાગ્ય-કર્મને જ વંદન કરવા લાયક છે. જો કે ભાગ્ય તો કર્મને અધીન જ છે. સંચિત કર્મ પરિપક્વ થતાં જ જે ફળ મળે તેને જ ભાગ્ય કહેવામાં આવે છે તો પછી દેવો અને દૈવનું પણ શું પ્રયોજન ટૂંકમાં, કર્મને જ નમસ્કાર કરવા યોગ્ય છે જેનું દૈવ પર અને દૈવનું દેવો પર પ્રભુત્વ છે.'**

**કવિશ્રી ચાલાકીપૂર્વક અહીં દૈવ અને દૈવ ભાગ્ય કરતાં 'કર્મ' વધારે મહત્ત્વનું અને શક્તિવાળું છે એવું તાર્કિક રીતે પુરવાર કરે છે આથી સત્કર્મો-દાન પુણ્ય અને સત્ય ધર્મનું આચરણ કદી પણ નિષ્ફળ જતું નથી. પ્રારબ્ધ-ભાગ્ય એ પૂર્વજન્મોમાં કરેલાં સત્કર્મોનું જ પરિણામ આપે છે માટે જ ભતૃહરિજી કહે છે માણસે સદાય સત્કર્મો-પુણ્યકાર્યો કરવાં જ જોઇએ.**

**દેવો અને ભાગ્ય દેવતા (વિધિ-વિધાતા) કરતાં પણ 'સત્કર્મ' શ્રેષ્ઠ છે.**

## સુવિચાર

- તંગદિલી હોય ત્યાં રંગદિલી ન હોય - **મુનિ ભાનુચંદ્રજી**
- કોઇને સુખી કરવા કરતાં દુઃખી કરવું સહેલું હોય છે, દુઃખી કરવા માટે થોડીક કડવાશ કાફી છે, પણ સુખી કરવા માટે હળવાશ કાફી છે - **જ્ઞાનસૂત્ર**
- મૌન એટલે માત્ર જીભને જ નહીં મનને પણ તાળું - **ઓશો**
- મારી ગઝલમાં ના કશોય બોધ છે... પામી જવા ખુદને જ માંડી મેં આ શોધ છે - **જલન માતરી**
- જાતે જ વિચારો, તમે જાતે જ થોડા વિકલ્પો ઊભા કરો.. તમે જ તમારા માર્ગદર્શક બનો - **અઝીમ પ્રેમજી**
- માણસ આખી દુનિયાને સારૂ લગાડવા સતત પ્રયત્નશીલ હોય છે, પણ પોતાની અંગત વ્યક્તિને સારૂ લાગે તેવો કોઇ પ્રયત્ન કરતો નથી - **હિતોપદેશ**
- સફળ લગ્નજીવનના બે મુખ્ય આધાર, એક-યોગ્ય પાત્ર શોધવું... બે-યોગ્ય પાત્ર બનવું - **સંત ઓગસ્ટીન**

## બોધ કથા

**આપણને, નાના-મધ્યમવર્ગના માણસોને જીવનમાં દુખ જ દુખ લાગે, ત્યારે મોટા માણસો કેવાં સુખી હશે તેની કલ્પના કરીએ છીએ; પણ એ સાચું નથી નાનાં ના નાનાં દુખ હોય છે મોટાંઓને મોટાં દુખ હોય છે નાનાંને ખાવાનું મેળવવાનું દુખ હોય છે તો મોટાંઓને પચાવવાનું દુખ હોય છે! દુખ અને ચિંતા તો બધાંને સરખી જ હોય છે.**

**સિંહ અને શિયાળ ખૂબ જ નિકટના મિત્ર હતા એક'દિ સુખ-દુખની વાતે ચઢી ગયા!**

**શિયાળ કહે અમને તો ક્યારેક ખાવાનું મળે તો મળે ઘણીવાર બે-ત્રણ દિ' ભૂખ્યા રહેવું પડે, સદાય મોટાં પ્રાણીઓનાં શિકાર થઇ જવાનો ભય રહે, વની જંગલમાં અને લોકોની વાર્તાઓમાં મારી 'લુચ્ચાં' પ્રાણીની છાપ છે તેથી મારો તો કોઇ વિશ્વાસ પણ નથી કરતું!**


**સિંહ કહે, તમે મને જંગલનો રાજા સમજો છો પણ મને ભૂખ લાગે ત્યારે શિકાર કરવા માટે જાતે જ નિકળવું પડે છે! વળી શરીર ભારે એટલે ખાધા પછી હું હાલી પણ શકતો નથી. બે-ત્રણ કલાક તો જયાં ખાધું હોય ત્યાં જ પડી રહેવું પડે! વળી મોટું-કદાવર અને ક્રૂર સમજી મારી આસપાસ પણ કોઇ પ્રાણી ફરકતું નથી, નથી હું કોઇને પ્રેમ કરી શકતો નથી મને કોઇ પ્રેમ કરતું!**

**શિયાળ સંમત થતાં બોલ્યું ઇ વાત સાચી - નાના માણસને ઉઘરાણીવાળાની ચિંતા હોય, અંબાણીને ઇન્કમટેક્ષ વાળાની...**

Email - sureshchandrabhatt18@gmail.com

# જયારે ભાગ્ય તમને સાથ આપતું હોય અને તમારી ફરજ તમારી સામે ઊભી તમને માર્ગ બતાવી રહી હોય તો એ અવસરને હાથથી ના જવા દેશો

## અવસરની અવગણના ના કરશો



**પોઝિટિવ થિન્કિંગ**

**યશવંત કડીકર**

એક દિવસ હાથાર્ન અને લોગફેલો બંને જમી રહ્યા હતા. એ બંનેનો એક મિત્ર જેમ્સ ફિલ્ડસ પણ ત્યાં હાજર ગતો. જેમ્સે કહ્યું, 'જુઓ, હું કેટલાય દિવસથી હાથાર્નને એક અકાડિયન દંતકથાના આધાર પર વાર્તા લખવાનું કહી રહ્યો છું, પરંતુ કોણ જાણે તે શું વિચારી રહ્યો છે, તે બોલતો જ નથી.'

લોગફેલો બોલી ઊઠ્યો, 'તે વાર્તા શું છે?'

જેમ્સ કહ્યું, 'વાર્તામાં એવું છે કે એકાડિયન લોકોની ભાગદોડમાં એક છોકરી અને એનો પ્રેમી છૂટાં પડી જાય છે. એમણે એમનું આખું જીવન એકબીજાને શોધવામાં વિતાવ્યું, પરંતુ તેઓ જ્યારે મળ્યાં તો તે એક હોસ્પિટલમાં, જ્યાં પ્રેમી મૃત્યુશય્યા પર સૂતો, મોત સાથે ઝઝૂમી રહ્યો હતો.'

વાર્તા સાંભળી લોગફેલોને ખૂબ જ આશ્ચર્ય થયું. તેણે હાથાર્નને કહ્યું, 'જો તું આના આધારે વાર્તા ન લખી શકે, તો શું મને એના પર કવિતા લખવા દઈશ?'

હાથાર્ન માની ગયો, લોગફેલોએ આ પ્રસંગને ઝડપી લીધો અને તેણે દુનિયા સામે 'ઈવેજેલિન' નામનું સુંદર કાવ્ય પ્રસ્તુત કર્યું.

જરૂરત છે આંખો ખોલીને જોવાની. પ્રસંગો તો અવારનવાર આવતા જ રહેશે. જેમના કાન ખુલ્લા છે, એમના સુધી નિરાધાર મૃત્યુ પામનારાંઓનો અવાજ પહોંચ્યા વિના કેવી રીતે રહી શકે? જેમનું હૃદય વિશાળ છે અને મુક્તહૃદયે જેમની દાન આપવાની ઈચ્છા છે, એમના માટે દાન આપવાના અને મહાન કાર્ય કરવાના અનેક પ્રસંગ આવશે. એમને પ્રસંગોની ઊણપ કદી નહીં આવે. એ વાત બધા જુએ છે અને જાણે છે કે પાણી ભરેલા વાસણમાં કોઈ વસ્તુ નાંખવામાં આવે તો કેટલુંક પાણી બહાર આવે છે, પરંતુ કોઈએ આ જ્ઞાનનો સદુપયોગ ના કર્યો. આર્કીમિડીસની નજર આ વાત પર પડી અને એણે નક્કી કર્યું કે દરેક વસ્તુ એના આવવાના પ્રમાણમાં પાણી બહાર ફેંદી દે છે. એ દિવસથી દુનિયાને દરેક પ્રકારના પદાર્થોનું જગ્યા રોકવાનું માપ કાઢવાનો ઉપાય મળી ગયો.

બધા લોકોએ પણ જાણે છે કે કોઈ પણ લટકતી વસ્તુને હલાવવામાં આવે છે, તો તે આમ-તેમ હાલે છે, પરંતુ હવાના વિરોધ અને એના ઘર્ષણના કારણે થોડી વાર પછી એનું હાલવું બંધ થઈ જાય છે. કોઈએ આ રોજ બનતી ક્રિયા તરફ ધ્યાન ના આપ્યું, પરંતુ ગેલીલિયોએ પાઈજા નગરના ગિરજાઘર પર લટકતા ફાનસને જોયું. પવનના સપાટાથી ફાનસ હાલતું હતું, ઝૂલવાની આ ગતિથી 'પેણ્ડુલમ'ના સિદ્ધાંતની શોધ થઈ.

એ બધા જાણે છે કે કોઈપણ વસ્તુ ઉપરથી નીચે જ પડે છે, પરંતુ ઝાડ પરથી ફળને નીચે પડતું જોઈને પૃથ્વી ગુરૂત્વાકર્ષણનો સિદ્ધાંત ન્યૂટન જ શોધી શક્યો હતો. ફળને ઝાડ પરથી નીચે પડતાં તો બધાં જુએ છે, પણ તેઓ એ નથી વિચારતાં કે એ નીચે કેમ પડે છે? આજુબાજુ કે ઉપર કેમ નથી જતાં? ન્યૂટને જ્યારે જોયું કે ફળ નીચે પડ્યું તો એના મગજમાં એ વિચાર આવ્યો કે આ ફળ નીચે જ કેમ પડ્યું? અને એણે સાબિત કરી આપ્યું કે પૃથ્વીમાં રહેલી ગુરૂત્વાકર્ષણશક્તિના કારણે એમ થયું છે.

પ્રસંગ એ કંઈ બનાવવામાં આવેલી કોઈ મીઠાઈ નથી કે ઉઠાવી અને ખાઈ લીધી. સૌથી પ્રથમ તો પ્રસંગને ઓળખવાની જરૂરી સુધારો કરવો પડે છે અને પછી એને પોતાનાં કાર્ય અને ધ્યેયને અનુકૂળ બનાવવો પડે છે. પ્રસંગેનો વાસ્તવિક ઉપયોગ ખેતરમાં બી વાવવા બરાબર છે. આ બીજમાંથી જ વૃક્ષ તૈયાર થાય છે. એ સાથે એના પર ફૂલ આવે ફળ આવે છે, જેનાથી બીજાને લાભ થાય છે. પ્રાચીનકાળમાં પ્રસંગને ઓળખીને મહેનત કરવાવાળાઓએ જ્ઞાનમાં વૃદ્ધિ કરનારા અનેક સિદ્ધાંતોની શોધ કરીને અનેક ઉપયોગી નવીન પદાર્થો બનાવ્યા. આજે આ અપ્રાપ્ય વસ્તુઓ ઠેરઠેર મળી આવે છે અને સામાન્ય રીતે પ્રાપ્ત કરી શકાય છે. આવા એક નહીં, અનેક પદાર્થો છે, જે રાજા-મહારાજાઓ, મહાન વિજેતાઓ અને શાસકોને પણ પ્રાપ્ત થતા ન હતા, તે આજે સામાન્ય વ્યક્તિને સરળતાથી મળી શકે છે.

આજનો યુગ તો પ્રસંગોનો ખજાનો છે. એક ભણેલા-ગણેલા અને સંયમી યુવાનની સામે, એક સામાન્ય કારકુનની સામે, એક નોકરના છોકરાની સામે, પોળોમાં ભટકનારા અનાથ બાળકની સામે પચાસ સરળ માર્ગ ખુલ્લા પડ્યા છે. ભૂતકાળમાં જે વસ્તુ આ લોકોની શક્તિ બહારની હતી, તે આજે સૌનું સ્વાગત કરવા માટે સામે ઊભી છે. અવસરોનો અંત નથી. ભાગ્યને પલટાવનારી ઘટનાઓની કોઈ કમી નથી. કમી છે તો ફક્ત દૃઢ લગનથી કામમાં લાગી જનાર વ્યક્તિઓની.

એક વ્યક્તિ એક આર્ટ ગેલરીમાં ગઈ. એણે ત્યાં અનેક ચિત્રો જોયાં. એક ચિત્રમાં મૂર્તિનો ચહેરો વાળથી ખૂબ જ ખરાબ રીતે ઢંકાયેલો હતો અને એના પગમાં પાંખો લાગેલી હતી.

જોનારે પૂછ્યું, 'આ ચિત્ર કોનું છે?'

ચિત્રકારે જવાબ આપ્યો, 'આ 'અવસર'નું ચિત્ર છે.'

'એનું મોં કેમ ઢાંકેલું રાખ્યું છે?'

'કારણ, એ માનવીની સામે આવે છે તો તે એને ઓળખી નથી શકતો.'

'એના પગમાં પાંખો કેમ લાગેલી છે?'

'એ ખૂબ જ જલદી ચાલ્યું જાય છે, એક વાર જો એ હાથથી નીકળી ગયું તો પછી એને કોઈ પકડી નથી શકતું.'

અવસરના સ્વરૂપનું વર્ણન કરતાં લેટિન લેખકે કહ્યું છે- અવસરના ચહેરા પર સામી બાજુએ વાળ હોય છે અને પાછળની બાજુ ટાલ હોય છે. એટલે જો તમે સામેથી પકડી લેશો તો પકડી રાખી શકશો, પરંતુ એને ભાગી જવા દેશો તો પછી તમે એને કદી પકડી નહીં શકો.

જે લોકો અવસરનો ઉપયોગ નથી કરી શકતા કે એનો ઉપયોગ કરવા નથી ઈચ્છતા, તે ભવિષ્યમાં પણ તેનો ઉપયોગ નથી કરી શકતા. પછી એમને ગમે તેવા ઉત્તમ અવસર સાંપડે તોપણ એનો શો અર્થ?

જીવનની સૌથી મહત્ત્વપૂર્ણ ઘડી કઈ? જેને આપણે જીવનની મહત્ત્વપૂર્ણ ઘડી માનીએ છીએ, તે એક એવો અવસર છે, જે અમારી પહેલાંથી સુરક્ષિત શક્તિઓને એકઠી કરીને એમના દ્વારા કામને પૂર્ણ કરાવે છે. આકસ્મિક ઘટનાઓ ફક્ત એવી વ્યક્તિઓને કામ આવે છે, જેમની પાસે, એમની પાસેથી કામ લેવાનું જ્ઞાન પહેલાંથી હોય છે, જેમની પાસે આ કામ કરવાની શક્તિ પહેલાંથી છે.

હકીકતમાં માણસની મુશ્કેલી એ છે કે તે હંમેશા આવા અમૂલ્ય અથવા સોનેરી અવસરની શોધમાં રહે છે, જે મળતાં જ તે તરત મહાન વ્યક્તિ બની જાય. જે રીતે જુગારનો દાવ જીતીને જુગારી તરત જ ધનવાન બનવા ઈચ્છે છે, એ જ રીતે આપણે પણ કામ કર્યા વગર ધનવાન અને વૈભવશાળી બનવા માગીએ છીએ. અભ્યાસ કર્યા વગર જ જ્ઞાની બનવા અને કહેવરાવવા ઈચ્છીએ છીએ. આ બિલકુલ દંભી વ્યવહાર છે. આ રીતે આપણે પોતાની જાતને છેતરીએ છીએ. આનાથી માનવજીવનનો પૂર્ણ રીતે નાશ થઈ જાય છે.


તમે આખો દિવસ આળસમાં કેમ વિતાવો છો? હાથ-પગ હલાવો, મહેનત કરો, કામ કરો. જ્ઞાન-વિજ્ઞાન દ્વારા સતત વધતી સંપત્તિને વધારીને ધન્ય બનો. તમારો જન્મ એવા સમયે અને એવા દેશમાં થયો હતો, જ્યાં એવાં અનેક સાધનો અને અવસરો છે, જે બીજાં સ્થાનો પર મળી શકે એમ નથી. પ્રભુએ તમને કામ કરવાની શક્તિ અને બુદ્ધિ બંને આપી છે. એવામાં તમારે કોઈને પૂછવાની જરૂરત છે કે તમે કયું કામ કયાં અને કયારે શરૂ કરો? તમારે કોઈને પૂછવા માટે રાહ જોવાની જરૂરત નથી. આ દુનિયામાં ઘણાં એવાં અટકેલાં કામો તમારી રાહ જોઈ રહ્યાં છે. જરૂરત છે તમારે કાર્યરત થવાની.

માનવીનો સ્વભાવ જ એવો છે કે ઉત્સાહ અને સાંત્વનાનો એક શબ્દ અથવા ખૂબ જ નાની મદદથી કોઈ પણ વ્યક્તિની જીવન નૌકાને ડૂબતી બચાવી શકે છે. એને સફળતાના માર્ગે આગળ દોરે છે. આ વિશે આપણી પાસે અનેક લોકોનાં ઉદાહરણો છે, જેનાથી આપણને પ્રેરણા અને ઉત્સાહ મળી શકે છે. આજનો સમય જ એવા પ્રકારનો છે કે આવનારી દરેક પળ આપણી સામે કોઈ નવો માર્ગ, નવો અવસર ઉપસ્થિત કરી દે છે. તમે શા માટે અવસરની રાહ જુઓ છો કે તે તમારી સામે હાજર થાય? તમે પોતે જ એને શોધીને કેમ પકડી પાડતા નથી?

જ્યોર્જ સ્ટીફ્ને કોયલાની ગાડીઓના ડબ્બા પર ખડીના ટુકડાથી ગણિતના નિયમોનો અભ્યાસ કર્યો અને તે ગણિતશાસ્ત્રી બની ગયો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# વરિષ્ઠ કેળવણીકાર, લઘુકથા જનક મોહનલાલ પટેલની આત્મકથા 'ટાઈમ કૅપ્સ્યુલ' ભાવકને તરોતાજા કરે છે



**મોંઘેરા મોતી**

**- નટવર આહલપરા**

ભાવનગરમાં ૧૯૮૦માં હું જ્ઞાનજ્યોત ક્લાસમાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓને ગુજરાતી વિષય ભણાવતો હતો. મોહનલાલ પટેલની 'પ્રત્યાલંબન' લઘુકથા ભણાવતા ભણાવતા છાત્રોને દેશભાવનાના ગીતો પણ ગવડાવતો. આમતો મોહનલાલ પટેલ સાથે મારો પરોક્ષ સંબંધ શરૂ થઈ ગયો હતો. પછી તો મેં પણ લઘુકથા લખવાનો પ્રારંભ કર્યો. મોહનલાલની 'લિખિતના પાયલાગણ', 'ગતિભંગ', 'જાકારો' અને 'દીકરા' ૧૯૮૨થી લઈ લગભગ વર્ષ ૧૯૯૩ સુધી ભાવનગર અને રાજકોટના હજારો વિદ્યાર્થીઓને ભણાવીને હું પણ ભણતો રહ્યો હતો.

તેત્રીસ વર્ષના વાણાં વાઈ ગયા. આજે હું પટેલ સાહેબને ફોન ઉપર મળું છું. મેં લખેલી લઘુકથા ફોન ઉપરથી વાંચીને સંભળાવું છું ત્યારે એક પિતા, ગુરૂ માથે હાથ ફેરવી માર્ગદર્શન આપે તેમ લઘુકથાના શીર્ષક, અંત અને વિષય વસ્તુ અંગે માર્ગદર્શન આપે જાણે કેમ હું તૈમની પાસે જ ભણ્યો ન હોઉં? હજી એમને રૂબરૂ મળવાનો મોકો મળ્યો નથી.

હમણાં તેમની આત્મકથા 'ટાઈમ્સ કેપ્સ્યુલ' (ઈ.સ. ૧૯૨૭થી ૨૦૧૨) મોહનલાલ પટેલ અમૃતપર્વ સમિતિ, જોગીવાડો, પાટણ અને બૃહદ ગ્રંથોના સંપાદન શ્રી મણિભાઈ પ્રજાપતિએ તેમજ મિત્રોએ પ્રકાશિત કરી છે. મિત્રોને તો મિત્રો જ ઉંચકી શકે ને? મિત્રને ઉંચકવાનો આનંદ જ જુદો હોય છે. ૧૯૨૭થી લઈ ૨૦૧૨ની મોહનલાલ પટેલની જીવનયાત્રા ખરેખર સુંદર રીતે શબ્દસ્થ થઈ છે! સમયસર લેવાતી દવા દર્દીના દર્દને ઓછું કરે, મટાડે છે પણ અહીં તો 'ટાઈમ કેપ્સ્યુલ' ભાવકોને તરોતાજા કરી જાય છે. ચાસણી અને કડવાટના સ્વાદની મજા મળે તેવી મજા આત્મકથા વાંચતા મળે છે. ૨૯ પ્રકારમાં આલેખાયેલી આત્મકથા લખવા પાછળ લેખકનો આશય એ રહ્યો છે કે, અંગત અનુભવોને સર્વાનુભવ રસિક તથ્યોનું રૂપ આપીને ભાવકને રસાનુભૂતિ કરાવવાના હેતુને ગૌણ સ્થાને રાખીને અંગત અનુભવોના આધારે વાચકને તત્કાલીન સમાજનાં સારાં-નરસાં પાસાંનું દર્શન કરાવવાનું લક્ષ્ય નજર સમક્ષ રાખ્યું છે. ઈ.સ. ૧૯૨૭થી ઈ.સ. ૨૦૧૨ સુધીના સમયગાળાની વાત આ કથામાં કહેવાઈ છે.

ગુજરાતી સાહિત્યના વરિષ્ઠ સાહિત્યકાર અને શિક્ષણવિદ્ રઘુવીર ચૌધરીએ આત્મકથા પૂર્વે નોંધ્યું છે : 'મોહનભાઈ પટેલ અમદાવાદની કોલેજમાં ગુજરાતીના અધ્યાપક નિમાયા હતા પણ સર્વ વિદ્યાલય કડીનું પ્રતિનિધિ મંડળ મળવા આવ્યું. આચાર્યપદ સ્વીકારવા આગ્રહ કાર્યો. લેખક તરીકેની કારકિર્દી માટે અમદાવાદ ઉપકારક ગણાય એવો ખ્યાલ હતો છતાં છોડ્યું. અંગત સ્વાર્થી અને મહત્ત્વાકાંક્ષા જતાં કરી સર્વ વિદ્યાલયનું આચાર્ય પદ સ્વીકાર્યું. વર્ષ ૧૯૬૧ સને ૧૯૪૮થી વાર્તાલેખનનો આરંભ થયો હતો. કુમાર, નવચેતન, સવિતા જેવાં સામાયિકોએ કદર કરી હતી. ૧૯૫૧માં લઘુકથાના સાહિત્ય સ્વરૂપના આરંભરૂપ કૃતિઓ બચુભાઈ રાવતે કુમારમાં આવકારી હતી. ૧૯૫૪માં હવા તુમ ધીરે બહો, પ્રથમ વાર્તાસંગ્રહ પ્રગટ થયો હતો. જે મોહનભાઈ વિદ્યાર્થી અને મારા શિક્ષક ભોળાભાઈ દ્વારા મને વાંચવા મળ્યો હતો. સને ૧૯૬૦થી મોહનભાઈનો પ્રત્યક્ષ પરિચય થયો. આટલાં વર્ષોમાં મેં મોહનભાઈના વ્યક્તિત્વનું એક લક્ષણ સતત જોયું છે - આભિજાત્ય.

મને પણ સમગ્ર આત્મકથા સ્પર્શી ગઈ છે. કેટલીક વાત અહીં ઉતારૂ.

તળાવમાં કૂદીને બાર કમળ તોડી લાવ્યા, બાર આના ભેટ મળ્યા અને છાત્રાલય કમળના તોરણથી શોભ્યું. ફાનસના તાપમાં ચા બનાવનાર વિદ્યાર્થીની વાત, વિશ્વામિત્રીના પટમાં સરગઠના સાંઠા વચ્ચે હીરાની જેમ ચમકતા પદાર્થને તાક્યા અને પાડયા પછી હીરાને બદલે સિગારેટના ડબ્બાનું પ્રવાહમાં તરતા જવું - આવા પરિચય પણ આપે છે. આળસ નહોતી, આઘીરાઈ નહોતી કે સૌથી આગળ આવવાનો લોભ પણ ન હતો.

સને ૧૯૪૫માં હીરાબહેન સાથે લગ્ન, એ પૂર્વે મળવા બલ્કે જોવાનું પણ બનેલું નહીં. પણ અગિયારમે દિવસે એક પાત્રના જવાથી ઘરમાં જે સૂનકાર વર્તાયો એનાથી ખાતરી થઈ કે એ પાત્રે હૈયામાં જગ્યા બનાવી લીધી છે. સુખનું આ પહેલું સોપાન.

સને ૧૯૫૦માં મોહનભાઈ કડીના સર્વ વિદ્યાલયમાં જોડાયા એ પછીનું એમનું જીવન સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રના જાગ્રત સમાજને પરિચિત છે.

ઈ.સ. ૧૯૮૫માં શ્રી રઘુવીરભાઈએ કરેલું સૂચન અવારનવાર ચિત્તમાં ઝબકાર કરી જતું હતું. પછી તો, એકવાર આત્મકથાની સાહિત્યિક વિભાવનાને ચુસ્તપણે વળગી રહ્યા સિવાય ઉપર કહ્યું છે તેમ આવનાર પેઢીઓ માટે આ રચના કરી. લખ્યા પછી એને તપાસી જવા અને ઠીક લાગે તો એના વિશે લખવા રઘુવીરભાઈને વિનંતી કરી જે એમણે પ્રેમપૂર્વક સ્વીકારી અને એમનાં અનેકવિધ રોકાણો વચ્ચે સમય ફાળવીને ઝાઝા વિસ્તારવાળી આ કથા વાંચી.

મોહનભાી પટેલે પાટણ સાથેની મોંઘેરી સ્મૃતિઓને તાદૃશ કરી છે જેમ કે, મોહનભાઈ કહે છે કે, રાણીની વાવ મુખ્યત્વે વિષ્ણુને સમર્પિત હતી. મારા અનેક સ્મરણો પાટણને સમર્પિત છે. ભૂમિ નીચે સૂતેલું એ મહાનગર મારે માટે સ્વપ્નપ્રદેશ છે.

એ જમાનામાં બાળ-કિશોર વયે મોહનભાઈએ ઘર ઉપર મેડીને બદલે બંધાતા ડાગળા યાદ કર્યા છે. ફળિયાની કોઈ ઓરડી ખાલી હોય તો બપોરના સમયે વૃદ્ધો ત્યાં ઢાળો કરે અને રાત્રે એમાં બળદ બંધાય. જોગીવાડો એનાં તમામ રૂપરંગ અને ક્રિયાકલાપ સાથે અહીં પ્રગટ થાય છે. એક ચિત્ર હવે દુર્લભ થઈ ગયું છે. જુઓઃ કોઈ વૃદ્ધ નહોતા હોય ત્યારે ક્યારેક ફળિયાની કોઈ વહુવારૂ, ત્યાં પહોંચી જઈને કાંડાં અને હથેળિયોનો ભાર દઈને વૃદ્ધની પીઠ ઉપરનો મેલ ઉતારવા લાગી જતી. ડોસા વિવેક ખાતર બસ ભા, બહુ થયું. બોલતા રહે અને વહુનાં કંકણ અથવા બંગડીઓ રણકાર કરતાં રહે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

# જે બોલે બોલવાનું ને નાગ જેમ ડોલવાનું ... મને મંજૂર નથી...

**વિચાર યાત્રા**

**- ડો. જય ઓઝા**

**અત્યારે 'ઇમોશનલ બ્લેક મેઇલીંગ' અને 'ઇમોશનલ ઇન્ટેલિજન્સ' આ બે શબ્દોની બોલબાલા છે.**

**આપણે સૌ લાગણીઓનું હરતું ફરતું સંગ્રહસ્થાન છીએ.**

**કરવા જેવું ન કરીએ કે પછી ન કરવા જેવું કરી બેસીએ તો એના મૂળમાં બુદ્ધિ હોતી નથી, લાગણી હોય છે.**

**આપણા સમાજમાં ભોગ આપવો ફરજિયાત છે. સો ટકા મસ્તીથી જિંદગી પસાર ન કરી શકાય... બાળકો માટે, માતા-પિતા માટે, પત્ની માટે, આત્મીયજનો માટે ભોગ આપવો ફરજિયાત છે.**

**આવું બલિદાન કરવામાં આનંદ આવતો હોય તો બલિદાન આપવું જ જોઇએ...સંસારની નિયમાવલી મુજબ જિંદગી જીવતા-જીવતા ઉમંગ અને ઉલ્લાસ અનુભવાતો હોય તો બેશક તેમ કરવું જોઇએ. પરંતુ ન ગમતા કામો કરવાનું કે બિનજરૂરી ભોગ કે બલિદાન આપવાનું ટાળીએ તો સ્ટ્રેસના બનતા અટકશું.**

**વાસ્તવમાં 'ઇમોશનલ બ્લેકમેઇલીંગ' કરે. કરીને મિત્રો, સ્નેહીઓ જયારે આપણને પીખી નાખે છે, ત્યારે એક હદથી વધારે તેને અનુસરતા આપણે ત્રસ્ત થઇ જઇએ છીએ...**

**આવા સમયે ઇમોશનલ ઇન્ટેલિઝન્સનો ઉપયોગ કરવો જરૂરી છે? તેનો વિચાર લાગણીથી નહીં બુદ્ધિ દ્વારા કરીએ... બહારના લોકો, ત્રાહિત વ્યક્તિ અખણો ઉપયોગ કરી જાય ત્યારે આપણે આપણી જાતને 'મૂરખા'માં ખપાવીએ છીએ... પરંતુ જયારે પોતાના જ આપણી સૌમ્યતા અને લાગણીશીલતાનો લાભ ઉઠાવી જાય ત્યારે આપણને વધુ આઘાત પહોંચે છે...**

**તેમની માંગણી અને લાગણી સંતોષવા માટે એવા અવનવા અટપટા ગતકડા કરીને સ્નેહની સાંકળથી વેરણ-છેરણ બનાવી મૂકે છે.**

**ઋજુતા, સૌમ્યતા, નમ્રતા, શાલીનતા આ બધા વિશેષણો આપણી આગળ લગાડી લગાડીને માનસિક રીતે આપણને સૌને વિક્ષુબ્ધ કરી નાખવામાં આવે છે.**

**ધીરે ધીરે Taken for Granted બનતા જઇએ છે. ઘરમાં કોઇ માથાફરેલ કે તુંડમિજાજી બાળક કે તેવા સદસ્યની સાથે સૌ કોઇ શાંતિથી વ્યવહાર કરશે... એવી બીકે કે રખે કે વળી આનું માથું વિફરશે તો ઉપાધિ આણશે...**

**જયારે જે બોલવામાં શાંત અને શાલીન વ્યક્તિ હોય તેવા ઋજુ પરિવારના સદસ્ય ઉપર હંમેશા બે ડફણા વધુ જ મારવામાં આવે છે... અરે! તેને તો ચાલશે... આવી માનસિકતાને કારણે ઘણીવાર આવા શાલીન વ્યક્તિનું સ્વાભિમાન હણાતું જાય છે...**

**અને ઋજુ વ્યક્તિ તરીકે આપણને દુઃખ એ વાતનું થાય છે કે નજીકના વ્યક્તિનો દ્વારા જ કરાઇ રહ્યું છે. In House Politics શબ્દ આ બધી પરિસ્થિતિઓ માટે જ બનાવવામાં આવ્યો હતો.**

**આમ જોવા જઇએ તો આપણું જીવન માતા-પિતા, પત્ની-બાળકો, મિત્રો-સ્નેહીઓ આ બધાનાં કુંડાળામાં ફૂટબોલની જેમ વ્યતીત થતું હોય છે...**

**રખેને કોઇને ઓછું ન ઓવે! ખોટું ન લાગે તેવી ચિંતામાં ને ચિંતામાં જયારે અટવાતા રહેવું પડે ત્યારે સમજવું કે સંબંધોમાં હૃદયની સમજણ મરી પરવારી છે.**

**જયારે હંમેશા આપણે એવું જ વિચારતા રહીએ કે આપણા એક પગલાથી મારા સર્કલના લોકોને કેવું લાગશે? તેમની કેવી પ્રતિક્રિયા હશે? આવા પ્રશ્નો થયા કરતાં હોય તો તો આપણો પગ ઉપાડેલો જ રાખવો પડે!**

**શું આપણે આપણા વ્યક્તિઓ માટે સ્નેહીઓ માટે આટલા બધા વિચાર કરતા હોઇએ તો તેમને મનમાં આપણી લાગણીઓ આપણી સંવેદનાઓનો રતિભર પણ વિચાર ન આવવો જોઇએ!**

**શું હંમેશા આપણે જ બધાને સમજવાનો ઠેકો લીધે રાખવાનો છે? કોઇ આપણને પણ સમજીને પગલા ભરે તે અભિપ્રેત નથી!**

**આ બધા દ્વંદ્વોની બચવા માટે, પળોજળથી બચવા માટે 'ઇમોશનલ ઇન્ટેલિજન્સ'નો ઉપયોગ કરીને જાતને 'ગીલ્ટ' ફીલ કરવાના ભાવમાંથી બહાર રાખવાનો અભિગમ દાખવીએ...**

**દિમાગ વકીલનું અને હૃદય દાક્તરનું રાખવું જોઇએ.... એ બંનેમાં અપરાધ કર્યાની લાગણી ગેરહાજર છે... વકીલનો અસીલ ફી ચૂકવીને ફાંસીએ લટકે અને દાક્તરનો દરદી ફી આપી કબરમાં દટાય તો પણ એમને અપરાદ કર્યાની લાગણી થતી નથી...**

**આવા Shrewd (શ્રુડ) લુચ્ચા ન થઇ જઇએ તો પણ પોતાના આત્મ સન્માનને જરા સાચવતા થઇએ તો નવા વર્ષે સ્ટ્રેસના ચક્કરમાં પડતા અટકશું.**

**પન્નના નાયકનું એક કાવ્ય અત્યારે સ્મરી આવે છે...**

**કોઇની બુદ્ધિના પાંજરામાં લાગણીનું પંખી થઇ**
**ટહુક્યા કરવાનું મને મંજૂર નથી**
**કોઇ પ્રેમને નામે ડંખ્યા કરે, અને ઇચ્છા મુજબ ઝંખ્યા કરે**
**જે બોલે બોલવાનું ને નાગ જેમ ડોલવાનું મને મંજૂર નથી**
**પોતાની આંખ હોય, પોતાની પાંખ હોય**
**પોતાનું આભ હોય, પોતાનું ગીત હોય -**
**મનનો માલિક હું, મારે તે બીક શી?**
**માપસર બોલવાનું, માપસર ચાલવાનું**
**માપસર પહેરવાનું, માપસર પોઢવાનું, માપસર ઓઢવાનું**
**માપસર હળવાનું, માપસર ભળવાનું**
**આવું હળવાનું, ભળવાનું, માપસર ઓગળવાનું**
**મને આવું પીગળવાનું મંજૂર નથી**

**ખરૂં ને! Emotional Inteligence ના સહારે આપણે આપણા જ સ્નેહી અને આત્મીયો માટે વધુ સુખરૂપ ભવિષ્ય ઘડી શકીશું.**